# ખીંટીઓ

મારા બાપ-દાદા-પરદાદાના ઘરની ભીંતો
ઘૂસી જાય છે ટાણે-કટાણે
મારા 1 bhkના ફ્લૅટમાં
ભીંતો ફાડીને પીપળો ઊગે એ તો સમજાય
આ તો ઊગી નીકળે છે ખીંટીઓ નહોર જેવી!
ખીંટીઓ બસ ખીંટીઓ ખીચોખીચ ખીંટીઓ –
જેને હું પાંખાળો ઘોડો કરીને ઊડતો હતો
એ નેતરની લાકડીઓ
આજે બોચીથી પકડે છે ‘સાલ્લા’!

માથે પહેરી દાદા-પરદાદાની નકલ કરતો હતો એક વેળા
એ પીળી પડતર પાઘડીઓના છેડા
ફુત્કારે છે મને વારે-તહેવારે
એ છત્રીઓનાં અસંખ્ય કાણાઓમાંથી
મને જોતી આંખો દીવાસળી ચાંપે છે
મારી કાગળની હોડીઓને
મૂછે તાવ દેતા ફોટાઓના હાથ
તમચાઓ મારે છે મારા નમૂછા મોઢા પર
કટાયેલી તલવારો, બખ્તર, બારબોરની બંદૂકો
કાયર-કાયર કહીને થૂંકે છે
મારા જ જન્માક્ષરો પર

ફાનસમાંથી ઘૂરકે છે પડછાયાઓ હપતેથી લીધેલા ટી. વી. પર
મોતીગૂંથ્યા જર્જરિત વીંઝણાઓ જંગે ચઢે છે પંખાની હવા સાથે
લટકે છે કટાયેલી ચાવીઓના કંઈક ઝૂડાઓ
આજે અસમર્થ છે
મારા મનના પટારાઓ ખોલવા...
બીજું તો ઠીક, માની કંઠી, મોટી માની ગૌમુખી,

વડદાદીની ચાંદીની ગાય
મોં ફેરવી લ્યે છે આજે મારાથી

મેં સાત પેઢીનાં વહાણ ડૂબાડયાં છે
મારાં 1 bhkના ફ્લૅટના દરિયામાં
ગામનું બાપ-દાદાનું પરદાદાનું ખોરડું ખોઈને
જનોઈ ખભેથી ઉતારી
આબરૂનાં ચીંથરાઓ લટકાવી દીધાં છે.
બાપ-દાદા-પરદાદાની ખીંટીઓ પર

ફસાઈ ગયા છે પેઢીઓનાં વહાણ
મારા 1 bhkના ફ્લૅટની દીવાલો પર તસુયે જગ્યા નથી બચી
મારી આંગળીએ ઊછરતી પેઢી કાલે મને પૂછશે
‘આ બાર્બી અને આ ટૅડી બૅયર
ક્યાં લટકાવીએ અમે?’

*01-2012*

# કોકડું

પતંગની દોરી, ગરિયાની જાળી કે
સૂતરનાં મોરપગલાં
ગૂંચવાઈ જતાં વારંવાર
ઉકેલી શકતો હર્ષભેર
ત્યારે
સરકતી ગાંઠ જેવું લાગતું જગત.
પછી કેસૂડાં મ્હોરતાં ગયાં તેમ ગૂંચવાતો ગયો
આંખ-કાન-નાક-શ્વાસમાં
દોરવાતો ગયો દેહ, પાણીની ગાંડીવેલમાં.
કોઈ મત્સ્યકન્યા ગળી ગઈ સુવર્ણમુદ્રિકા
દરિયો ડહોળી નાખ્યો
ગૂંચવાઈ ગયો અંતે
બિછાવેલી જાળમાં
તાણાવાણા તોડી બહાર તો આવ્યો
પણ
રાણી પિંગલના અમરફળ જેમ
એ જ મુદ્રિકા ફરી-ફરી આવી આંગળીમાં
ઉકેલતાં વધુ ગૂંચવાતું ગયું કોકડું
ત્યારે સાંભરી આવ્યા ભર્તૃહરિ
'ધીક્ તામ્ ચ મદનામ ચ ઇમાં ચ માંમ ચ..'

*09-2013*

## મૃણ્મયી

તું બેઉ છેડે પ્રજ્વલિત
મીણબત્તી
આગ સંઘરી
અજવાળું વહેંચે
ઉંબરની બેઉ બાજુ

સેતુ છે
બે પહાડ વચ્ચેનો
ખીણના ખાલીપામાં
પહોંચવા ન દે
મરણના પડઘાઓ

દરિયાના બેઉ કાંઠે છે
દીવાદાંડી જેમ
ભરતી ઓટની કાયમ સાક્ષી
મોજાંઓ થઈ વીખરાતા
સમયને
ફીણ-ફીણ કરે રેતઘરમાં
એક જ વૃક્ષની
બે શાખા
એક છેડે પંખીવિહીન માળો
બીજે છેડે માળાવિહીન પંખી
બેઉના સૂનકારને
સંઘરે છાતીમાં
મુલાયમ પીંછાં જેમ

એક ઘરના ઉઘાડબંધ થતા
દરવાજા જેવું તારું હોવું
રાતના એક છેડે રાતરાણી થઈ જંપે
શય્યામાં માંડ
બીજા છેડે પારિજાત થઈ ઊઘડે તરત

ટેલિફોનના એક છેડેથી
ખળખળ વહેતો તારો અવાજ પહોંચે
બીજા છેડે
ત્યારે ચૂરચૂર થાય એક ખડક રોજ-રોજ...
તને જાણું છું
છતાંય નથી જાણતો
હે મૃણ્મયી!
આખરે તું છે કોણ?

*2012*